# નિયામક વિકસતી જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય ગાંધીનગર

## વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલીત નીચે મુજબની યોજનાઓનો અમલ Online કરવા બાબત

વર્ષ: ૨૦૨૬-૨૭ અંતર્ગત નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા નીચે મુજબની ત્રણ કોચિંગ સહાય યોજનાનો અમલ ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ (**https://esamajkalyan.gujarat.gov.in**) મારફત કરવાનો થાય છે. વર્ષ: ૨૦૨૬-૨૭ અંતર્ગત **વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓને** નિયમોનુસાર કોચિંગ સહાય યોજનાનો લાભ આપવા ઇ-સમાજકલ્યાણ પોર્ટલ મારફતે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. **સ્પર્ધાત્મક પરીક્ષા(વર્ગ-૧, ૨ અને ૩)ની પૂર્વતૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય (સહાયની રકમ રૂ.૨૦,000/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે)**
2. **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCET જેવી પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય યોજના (સહાયની રકમ રૂ.૨૦,000/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે)**
3. **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOFEL, GRE જેવી પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય યોજના (સહાયની રકમ રૂ.૨૦,000/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે)**

- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઉકત યોજનાઓ અંતર્ગત સહાય મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓએ (**https://esamajkalyan.gujarat.gov.in**) પોર્ટલ પર **તા.૨૫/૦૫/૨૦૨૬ થી તા.૩૧/૦૮/૨૦૨૬** સુધી આનુષાંગિક પ્રમાણપત્રો સહ ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે.
- પોર્ટલ પર અરજી કર્યા બાદ તેની નકલ સાથે ઓનલાઈન અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ્સની નકલ બિડાણ કરી વિદ્યાર્થી/તાલામાર્થી જે સંસ્થામાં તાલીમ મેળવતા હોય તે જિલ્લામાં આવેલ જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા)ની કચેરીએ ઓનલાઇન અરજી કર્યાની તારીખથી ૨૦ દિવસની સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.
- **ઓનલાઇન અરજી કર્યા બાદ હાર્ડકોપી જિલ્લા કચેરીએ જમા કરાયાની તારીખથી ઓછામાં ઓછા ૬૦ દિવસ સુધીના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થી/તાલામાર્થીનુ કોચિંગ ચાલુ હોવું જોઈએ.**
- ઉક્ત પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં આવેલ અરજીઓની મંજુરીની પ્રક્રિયામાં બજેટ જોગવાઈ અને લક્ષ્યાંકને ધ્યાને લઇ બનાવવામાં આવનાર મેરીટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓઓને નિયમોનુસાર અગ્રતાક્રમમાં સહાય ચુકવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.
- તાલીમાર્થીને પસંદ કરવાની સંસ્થાના ધારાધોરણો અંગેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ (https://sje.gujarat.gov.in/ddcw/Government-Resolutions) પર ઉપલબ્ધ છે. તેમજ યોજના સંબધિત અપડેટ માટે પોર્ટલ પર સમ્યાતરે માહિતી ચેક કરવાની રહેશે.
- અરજદાર/તાલીમાર્થીએ વેબસાઈટ પર ઉપલબ્ધ માર્ગદર્શિકાનો સંપૂર્ણ અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.
- અધુરા દસ્તાવેજોની અરજી નામંજુર કરવામાં આવશે.

**ખાસ નોંધ : જિલ્લા કક્ષાએ નિયત સમયમર્યાદામાં હાર્ડકોપી જમા ના કરાવેલ તેમજ નિયત સમયમર્યાદામાં પુર્તતા ન કરેલ અરજદાર/તાલીમાર્થીની અરજી ધ્યાને લેવામા આવશે નહિ.**

(સહી/-)
(વિક્રમસિંહ જાદવ)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર